For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in



### નવીનીકરણના નામે ખાસવાડી સ્મશાનમાં ઘોર અવ્યવસ્થા

# વરસાદ પડતાં જ અંતિમ સંસ્કારમાં ભારે વિઘ્ન સળગતી ચિતાઓને પતરાથી ઢાંકવી પડી

**તંત્રની** આવી સંવેદનહીનતા સામે સ્થાનિકોએ પૂછ્યું "પ્રજાના કરોડો રૂપિયાના વેરા જાય છે ક્યાં?"

(પ્રતિનિધિ) વડોદરા તા.18

શહેરના ઐતિહાસિક ખાસવાડી સ્મશાનગૃહમાં ચાલી રહેલી નવીનીકરણની ધીમી કામગીરી અને સુવિધાઓના અભાવને કારણે વહીવટી તંત્રની ઘોર બેદરકારી ફરી એકવાર સપાટી પર આવી છે. તાજેતરમાં શહેરમાં પડેલા અચાનક વરસાદના કારણે અંતિમ સંસ્કાર માટે આવેલા મૃતકોના સગા-સંબંધીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. વરસાદ શરૂ થતાં જ સળગતી ચિતા ભીંજાઈ ન જાય તે માટે તાત્કાલિક લોખંડના પતરા ઢાંકવાની ફરજ પડી હતી, જેને પગલે સ્મશાન પરિસરમાં અફરાતફરી અને ગંભીર માહોલ સર્જાયો હતો.

નવીનીકરણના મોટા-મોટા દાવાઓ વચ્ચે સર્જાયેલી આ અરાજકતાને કારણે મૃતકોના સ્વજનો અને સ્થાનિક નાગરિકોમાં તંત્ર સામે ભારે આક્રોશ જોવા મળ્યો છે. સ્મશાનમાં હાજર એક જાગૃત નાગરિકે તંત્રની આ ઢીલી નીતિ સામે ઉગ્ર રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, વડોદરા મહાનગરપાલિકા પ્રજા પાસેથી દર વર્ષે કરોડો રૂપિયાના વેરા વસૂલે છે, પરંતુ માણસની અંતિમ સફરના સ્થળે પણ આવી પ્રાથમિક સુવિધાઓ ન મળી રહે તે અત્યંત શરમજનક અને સંવેદનહીન બાબત છે.

સૌથી ચોંકાવનારી અને આશ્ચર્યજનક વાત એ છે કે, આ ઘટના ઘટી તેના બરાબર એક જ દિવસ અગાઉ મ્યુનિસિપલ કમિશનરે એક ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠકમાં તેમણે સ્મશાનની સુવિધાઓ અંગે સંબંધિત અધિકારીઓને કડક ટકોર કરી કામગીરી ઝડપી બનાવવાની સૂચના આપી હતી. તેમ છતાં, બીજા જ દિવસે સામે આવેલી આ વરવી વાસ્તવિકતાએ કમિશનરની સૂચનાઓનો છેદ ઉડાડી દીધો છે. વિકાસ અને નવીનીકરણના નામે ચાલતી આવી વહીવટી અવ્યવસ્થા હવે ખુલ્લી પડી ગઈ છે. ચોમાસાની શરૂઆતમાં જ જો આવી સ્થિતિ સર્જાતી હોય, તો આગામી દિવસોમાં નાગરિકોની હાલાકી વધુ વધશે તેવા ગંભીર સવાલો હાલ સ્થાનિકો દ્વારા ઉઠાવવામાં આવી રહ્યા છે. વહીવટી તંત્ર આ બાબતે ક્યારે જાગશે અને ક્યારે આ સ્મશાનગૃહની કામગીરી પૂર્ણ કરી લોકોને યોગ્ય સુવિધા આપશે તે જોવું રહ્યું.

#### સ્મશાનના કર્મચારીની કબૂલાત: પાલિકા આપણી રજૂઆતો કાને ધરતી નથી

ખાસવાડી સ્મશાનના કર્મચારી શૈલેશ સોલંકીએ જણાવ્યું હતું કે સ્મશાનમાં કુલ 10 ચિતાઓ છે, જેમાંથી 8 શેડ હેઠળ અને 2 ખુલ્લી છે. રોજ 15થી વધુ મૃતદેહો આવતા ખુલ્લી ચિતાઓનો ઉપયોગ કરવો પડે છે. વરસાદ દરમિયાન ચિતાની સુરક્ષા માટે પતરાં ગોઠવવાની ફરજ પડે છે. નવો શેડ અને લાકડાં સાચવવાની વ્યવસ્થા માટે વારંવાર રજૂઆત છતાં કાર્યવાહી થતી નથી. પીવાના પાણી અને નાહવાના હોજની સુવિધા દૂર થતાં સ્વજનોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

#### કોન્ટ્રાક્ટ પદ્ધતિ હેઠળ કરોડોની કમાણી, છતાં પ્રાથમિક સુવિધાઓનું ભારે અકાળ

વડોદરા મહાનગરપાલિકાએ શહેરના સ્મશાનગૃહો ખાનગી કોન્ટ્રાક્ટ પદ્ધતિથી સંચાલિત કરવા આપ્યા છે. ચર્ચા મુજબ, કોન્ટ્રાક્ટરને પ્રત્યેક મૃતદેહ દીઠ આશરે 7,000 ચૂકવવામાં આવે છે. સામાન્ય રીતે 1,500થી 2,000માં થતી અંતિમવિધિ માટે આટલો ખર્ચ થવા છતાં સ્મશાનોમાં પીવાના પાણી, નાહવાની વ્યવસ્થા અને અન્ય પ્રાથમિક સુવિધાઓનો અભાવ જોવા મળે છે. કરોડો રૂપિયાના ખર્ચ છતાં સુવિધાઓ ન મળતાં લોકોમાં અસંતોષ વ્યાપ્યો છે અને તંત્રની કામગીરી સામે પ્રશ્નો ઉઠી રહ્યા છે.

## આરોપી લક્ષ્મીકાંતને જપ્ત કરેલો iPhone પરત આપવાનો ઈનકાર

(પ્રતિનિધિ) વડોદરા તા.18

NDPS એક્ટ હેઠળ નોંધાયેલા ગુનામાં જપ્ત કરાયેલા iPhone-14 Pro મોબાઈલ ફોન પરત મેળવવા માટે આરોપી લક્ષ્મીકાંત ભીખુભાઈ દેસાઈએ કરેલી અરજી કોર્ટ દ્વારા નામંજૂર કરાઈ છે. સ્ટેટ મોનિટરિંગ સેલ, ગાંધીનગર દ્વારા નોંધાયેલા ગુનામાં આ મોબાઈલ જપ્ત કરાયો હતો. અરજદારે દલીલ કરી હતી કે ફોન તેની વ્યક્તિગત માલિકીનો છે, તેમાં મહત્વપૂર્ણ ડેટા અને સંપર્કો સંગ્રહિત છે તેમજ તપાસ પૂર્ણ થઈ ચાર્જશીટ દાખલ થઈ ગઈ હોવાથી હવે ફોનની જરૂરિયાત નથી. જોકે, સરકારી પક્ષે કોર્ટ સમક્ષ રજૂઆત કરી હતી કે મોબાઈલ ફોન કેસનો મહત્વનો પુરાવો છે. CDR મુજબ અરજદારે મુખ્ય આરોપી અમરીકસિંહ સાથે 132 વખત વાતચીત કરી હોવાનું બહાર આવ્યું છે. કેસનો આધાર મોબાઈલ કોલ ડેટા અને સંપર્કોની વિગતો પર હોવાથી ટ્રાયલ દરમિયાન ફોન જરૂરી બની શકે છે. તપાસ અધિકારીના અભિપ્રાયને ધ્યાને લઈ કોર્ટે BNSS કલમ-497 હેઠળ કરાયેલી અરજી ફગાવી દીધી હતી.

### શહેરમાં વિવિધ વિસ્તારોમાં વરસાદી ઝાંપટા

# વડોદરામાં વાવાઝોડા સાથે વીજળી અને પવનની ચેતવણી : ૩૦-૪૦ કિમીની ઝડપે પવન ફૂંકાશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.18

વડોદરા શહેરમાં વાતાવરણમાં પલટો જોવા મળ્યો છે. ગુરુવારે મહતમ તાપમાનઃ 36.8 ડીગ્રી અને લઘુત્તમ તાપમાન 25.4 ડીગ્રી સાથે ભેજનું પ્રમાણ સવારે - 80% અને સાંજે 62% નોંધાયું હતું. હવામાન વિભાગ દ્વારા બે દિવસ વડોદરા સહિતના વિસ્તારોમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આગામી સમયમાં વીજળીના કડાકા-ભડાકા સાથે વાવાઝોડાની શક્યતા છે. આ દરમિયાન 30 થી 40 કિમી પ્રતિ કલાકની ઝડપે તેજ પવન ફૂંકાવાની આગાહી પણ કરવામાં આવી છે. નાગરિકોને ખુલ્લા વિસ્તારો, ઝાડ નીચે કે વીજ થાંભલા પાસે ઊભા ન રહેવા અને સાવચેતી રાખવા તંત્ર દ્વારા અપીલ કરાઈ છે. ખેડૂતોને પણ પાક અને પશુધનની સુરક્ષા માટે યોગ્ય પગલાં લેવા સૂચના અપાઈ છે. ઉલ્લેખનીય છે કે, વડોદરામાં બુધવારે મોડી રાત્રે અચાનક વાતાવરણમાં પલટો આવ્યા બાદ તે જ પવનો સાથે વરસાદ થયો હતો. શહેરના તમામ વિસ્તારોમાં ઝાપટું પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી મોડી રાત સુધી ઝરમર વરસાદ થતાં રસ્તા ભીના થયા થયા હતા. દિવસે ઉકળાટ બાદ રાત્રે વરસાદ વરસતા શહેરીજનોએ ગરમીથી રાહત અનુભવી હતી. વરસાદના કારણે પારો બે ડિગ્રી ગગડી ગયો હતો. બીજા દિવસે પણ ગુરુવારે સવારથી જ વાદળછાયુ વાતાવરણ જોવા મળ્યું હતું. કેટલાક વિસ્તારોમાં ઝરમર ઝરમર વરસાદ વરસ્યો હતો. બે દિવસ વડોદરા સહિત વિવિધ વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ થવાની હવામાન વિભાગ દ્વારા સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.




### ૯૨ વિદ્યાર્થીઓએ પરીક્ષા પાસ કરી સીએ બનવાની સિદ્ધિ મેળવી

# CA ફાઈનલ : વડોદરાનું ૧૪.૭૦% પરિણામ

વડોદરામાં બંને ગ્રુપનું પરિણામ ૧૦.૯૯% અને ગ્રુપ-૨નું ૧૬.૭૨% નોંધાયું

(પ્રતિનિધિ) વડોદરા,તા.18

આઈસીએઆઈ દ્વારા જાહેર થયેલા સીએ ફાઈનલ મે 2026ના પરિણામમાં વડોદરા બ્રાન્ચનું એકંદર પરિણામ 14.70% નોંધાયું છે. કુલ 626 વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા, જેમાંથી 92 વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે. બંને ગ્રુપમાં 191 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જેમાંથી 21 વિદ્યાર્થીઓ એટલે કે 10.99% પાસ થયા છે.

માત્ર ફર્સ્ટ ગ્રુપમાં 277 વિદ્યાર્થીઓ બેઠા હતા, જેમાંથી 21 એટલે કે 7.58% પાસ થયા, જ્યારે સેકન્ડ ગ્રુપમાં 158માંથી 28 વિદ્યાર્થીઓ પાસ થતાં 17.72% પરિણામ આવ્યું છે. વડોદરા બ્રાન્ચના સિટી ટોપર્સમાં લક્ષ્મણ ધર્મેશ ખડકા 350 માર્ક્સ સાથે પ્રથમ ક્રમે રહ્યા છે. શાહ જિયા સમીર અને કિર્તન કમલેશભાઈ પ્રજાપતિ 345 માર્ક્સ સાથે સંયુક્ત બીજા ક્રમે રહ્યા. કાર્ણિક દેવાંગ ભાવેશભાઈ 330 માર્ક્સ સાથે ત્રીજા, જ્યારે મોહમદઅમાન મહમ્મદસલીમ રંગરેજ, દોશી ધૈર્ય ગિરીશકુમાર અને ક્રિતિકા મુકેશ શાહ 329 માર્ક્સ સાથે સંયુક્ત ચોથા ક્રમે રહ્યા છે. ઓલ ઈન્ડિયા રિઝલ્ટની સરખામણીએ વડોદરાનું પ્રદર્શન મિશ્ર રહ્યું છે. દેશભરમાં ગ્રુપ-1નું પરિણામ 12%, ગ્રુપ-2નું 20.49% અને બંને ગ્રુપનું 14.07% રહ્યું છે, જ્યારે વડોદરામાં બંને ગ્રુપનું પરિણામ 10.99% અને ગ્રુપ-2નું 17.72% નોંધાયું છે.



#### ક્યારેય કલાકો ગણીને વાંચ્યું નથી

વડોદરામાં પ્રથમ ક્રમ મળવાથી હું ખૂબ ખુશ છું. પણ સાચું કહું તો, મહેનતનું કોઈ ચોક્કસ માપદંડ હોતું નથી. મેં ક્યારેય કલાકો ગણીને વાંચ્યું નથી. બસ, સફળતા માટે ખૂબ સખત પરિશ્રમ કર્યો છે. મારું અંતિમ ધ્યેય ક્યારેય પહેલો નંબર લાવવાનું નહોતું. મારો મુખ્ય ઉદ્દેશ એ જ હતો કે હું જે પણ ભણું તે બરાબર સમજું અને એક CA તરીકે જે જ્ઞાન જરૂરી છે તે મેળવી શકું. આ જ અભિગમથી મેં પહેલા જ પ્રયાસમાં સફળતા હાંસલ કરી. સોશિયલ મીડિયા વિશે મારું માનવું છે કે આજે માહિતીનો અતિરેક છે. એટલે આપણે કઈ માહિતી ગ્રહણ કરવી તે બાબતે ખૂબ પસંદગીયુક્ત થવું જરૂરી છે. આ જ કારણથી હું સોશિયલ મીડિયાથી બને એટલો દૂર રહું છું, જેથી અભ્યાસ પર સંપૂર્ણ ફોકસ કરી શકું. મારે બસ શાંતિપૂર્ણ જીવન જીવવું છે અને મારા કામથી સમાજને ઉપયોગી થવું છે. **- લક્ષ્મણ ખડકા,** CA ફાઈનલ વડોદરા ટોપર



#### સ્કૂલ વાન ચલાવતા પિતાનો પુત્ર સીએ બન્યો

મારી સફળતા પર મને ખૂબ ગર્વ છે કારણ કે હું મારી આખી પેઢીમાં પહેલો CA છું. પપ્પા સ્કૂલ વાન ચલાવે છે, ઘરની સ્થિતિ મજબૂત ન હતી, પણ તેમણે મારા ભણતરમાં ક્યારેય કોઈ ઓછપ આવવા દીધી નથી. બધા સારા ક્લાસીસ અને સગવડો પૂરી પાડી. તેમનો અથાગ પરિશ્રમ જોઈને મેં નક્કી કર્યું હતું કે મહેનતથી પરિવારની સ્થિતિ બદલીશ. રોજ જાગીને કન્સિસ્ટન્સીથી ભણ્યો. આજે પપ્પાના સંઘર્ષનો બદલો વાળીને લાગે છે કે તેમનું સપનું પૂરું થયું.

**- અમાન મોહંમદ સલીમ રંગરેજ,** CA ફાઈનલ વડોદરા ચોથો ક્રમ

## ઝઘડામાં પતિને મોતને ઘાટ ઉતારનાર પત્નીને ૧૦ વર્ષની સજા

**સોખડા** સ્થિત ફેક્ટરીના રૂમમાં બનેલી ઘટનામાં કોર્ટે ચુકાદો આપ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.18

વડોદરા જિલ્લાના સોખડા ગામ નજીક આવેલી પ્લાસ્ટિક પ્રોસેસિંગ ફેક્ટરીમાં પતિ-પત્ની વચ્ચે થયેલા ઝઘડાના કરુણ અંત બાદ નોંધાયેલા કેસમાં અદાલતે મહત્વનો ચુકાદો આપતાં આરોપી પત્નીને 10 વર્ષની સખ્ત કેદની સજા ફટકારી છે.

મળતી માહિતી મુજબ, સોખડા-હરીધામ માર્ગ પર આવેલી 'કુબેર એક્ઝીમ' ફેક્ટરીમાં કામ કરતા રજાકખાન રમઝાનખાન પોતાની પત્ની રઈશાબાનુ અને દોઢ વર્ષના પુત્ર સાથે રહેતા હતા. તા. 13 જુલાઈ, 2024ની રાત્રે બંને વચ્ચે ઉગ્ર ઝઘડો થયો હતો. બીજા દિવસે મધરાત્રિ બાદ ફેક્ટરીના કર્મચારીએ માલિકને જાણ કરતાં તેઓ સ્થળ પર પહોંચ્યા હતા. ત્યાં રજાકખાન લોહીલુહાણ હાલતમાં પલંગ પર મૃત મળ્યો હતો, જ્યારે નજીકમાંથી લોહીથી ખરડાયેલી એમ.એસ. પાઈપ મળી આવી હતી.

પોલીસ તપાસ દરમિયાન રઈશાબાનુએ સ્વીકાર્યું હતું કે પતિ વારંવાર ઝઘડો કરતો હતો. ઘટનાની રાત્રે પણ પતિ પાઈપ લઈને ધમકી આપવા આવ્યો હતો. આ દરમિયાન તેણે પાઈપ વડે પતિના માથા પર ફટકો માર્યો હતો, જેના કારણે તે નીચે પડી ગયો હતો. બાદમાં તેનું મોત થયું હોવાનું બહાર આવ્યું હતું. ઘટનાએ તે સમયે સ્થાનિક વિસ્તારમાં ભારે ચકચાર જગાવી હતી.

મંજુસર પોલીસે હત્યાનો ગુનો નોંધી ચાર્જશીટ અદાલતમાં રજૂ કરી હતી. કેસની સુનાવણી બાદ અદાલતે ઘટનાના સંજોગો અને પુરાવાઓને ધ્યાનમાં રાખી રઈશાબાનુને ભારતીય ન્યાય સંહિતાની કલમ-105 હેઠળ દોષિત ઠેરવી 10 વર્ષની સખ્ત કેદ, રૂ.5 હજાર દંડ તથા અન્ય કલમ હેઠળ વધારાની સજા ફટકારી છે.

### બગીખાનામાં રહેતી પત્નીના નામે પણ પતિએ ખાતું ખોલાવ્યુ હોવાનો આક્ષેપ

## ભરણપોષણથી બચવા પતિએ મૃત સાસુના નામે KYC કરી ખાતુ ચાલુ રાખ્યુ

**વિવિધ** બેંકોમાં એકાઉન્ટ સાથે પતિનો મોબાઇલ નંબર લિંક હોવાના પત્નીના દાવા સાથે ગેરરીતિની તપાસની માંગ

(પ્રતિનિધિ) વડોદરા તા.18

વડોદરાના બગીખાના વિસ્તારમાં રહેતી અર્ચનાબેન શાહે તેમના પતિ અમિતભાઈ હસમુખભાઈ શાહ સામે ગંભીર નાણાકીય ગેરરીતિઓના આક્ષેપો સાથે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, વર્ષ 2011થી અલગ રહેતા પતિએ કોર્ટના ભરણપોષણના આદેશથી બચવા માટે પોતાની વાસ્તવિક આવક અને નાણાકીય વ્યવહારો છુપાવવાના પ્રયાસો કર્યા હતા.

અર્ચનાબેને જણાવ્યું છે કે કોર્ટ દ્વારા દર મહિને રૂ.10 હજાર ભરણપોષણ ચૂકવવાનો આદેશ આપવામાં આવ્યો હોવા છતાં પતિ વિવિધ બેંકોમાં અનેક ખાતાઓ મારફતે નાણાકીય વ્યવહારો કરતા હતા. અગાઉ પોલીસ કમિશનરને કરાયેલી અરજીની તપાસ દરમિયાન યસ બેંક, એક્સિસ બેંક, કેનેરા બેંક અને ડીબીએસ બેંક સહિતના અનેક ખાતાઓ તેમના પતિના મોબાઈલ નંબર સાથે જોડાયેલા હોવાનું સામે આવ્યું હતું.

ફરિયાદમાં સૌથી ગંભીર આક્ષેપ એ કરવામાં આવ્યો છે કે સાસુ કલ્પનાબેન શાહનું વર્ષ 2015માં અવસાન થયા બાદ પણ તેમના નામે બેંક ખાતું ચાલુ રાખવામાં આવ્યું હતું. વર્ષ 2023માં રી-KYC પ્રક્રિયા દરમિયાન ખોટી સહીઓ કરીને ખાતું સક્રિય રાખવામાં આવ્યું હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી છે.

આ ઉપરાંત ડીબીએસ બેંકના એક ખાતામાં પોતાની જાણ બહાર પોતાનું નામ જોઈન્ટ એકાઉન્ટ હોલ્ડર તરીકે ઉમેરવામાં આવ્યું હોવાનું પણ મહિલાએ જણાવ્યું છે. સાસરી પક્ષ પાસે રહેલા ઓળખપત્રોના દસ્તાવેજોના દુરુપયોગની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે.

મહિલાએ સમગ્ર મામલે ઊંડાણપૂર્વક તપાસ કરી મૃત વ્યક્તિના નામે ખાતું ચાલુ રાખવા, ખોટા દસ્તાવેજો બનાવવા અને નાણાકીય ગેરરીતિઓ અંગે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે. અર્ચનાબેને આરોપ મૂક્યો છે કે પતિએ ભરણપોષણ ચૂકવવું ન પડે અને વાસ્તવિક આવક છુપાવી શકાય તે હેતુથી વિવિધ વ્યક્તિઓના નામે ખાતાઓ ચલાવી નાણાકીય વ્યવહારો કર્યા હતા. સાથે જ મૃત વ્યક્તિના નામે ખાતું ચાલુ રાખવા, ખોટા દસ્તાવેજો તૈયાર કરવા, વિશ્વાસઘાત અને છેતરપિંડી જેવી પ્રવૃત્તિઓ પણ આચરવામાં આવી હોવાનું ફરિયાદમાં ઉલ્લેખ કરાયો છે.

### કોયલીમાં ૪ કરોડના દારૂના 'અંતિમ સંસ્કાર'




વડોદરા શહેરના ડીસીપી ઝોન-1, ઝોન-2 અને ઝોન-3 હેઠળ આવતા 14 પોલીસ સ્ટેશનોમાં નોંધાયેલા પ્રોહિબિશનના ગુનાઓમાં જપ્ત કરાયેલા રૂ.4 કરોડથી વધુ કિંમતના દારૂના મુદ્દામાલને કોયલી ખાતે નષ્ટ કરવામાં આવ્યો હતો. દારૂની હજારો બોટલો અને જથ્થાને ભારે મશીનરી અને બુલડોઝરની મદદથી જમીનદોસ્ત કરવામાં આવ્યો હતો.

### ૨૦,૦૬૦ કરોડના ખર્ચે વીજ લાઈનો જશે ભૂગર્ભમાં, ૨૦૨૬ સુધીમાં HT નેટવર્કનું કામ પૂર્ણ થશે


# વડોદરા બનશે ગુજરાતનું પ્રથમ વાયર-ફ્રી સિટી

**પ્રથમ** તબક્કામાં વાસણા, ભાયલી, સમા, અટલાદરા અને અકોટાનો સમાવેશ,વીજ વિક્ષેપ ઘટશે, શહેરનું સૌંદર્ય વધશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.18

વડોદરા શહેરને વધુ સ્માર્ટ, સુરક્ષિત અને આધુનિક બનાવવા માટે વડોદરા મહાનગર પાલિકા અને એમજીવીસીએલ દ્વારા મહત્વાકાંક્ષી વાયર-ફ્રી સિટી પ્રોજેક્ટ પૂરજોશમાં આગળ વધી રહ્યો છે. ગુજરાત વાયર-ફ્રી સિટી મિશન અંતર્ગત શહેરની ઓવરહેડ વીજ લાઈનોને તબક્કાવાર જમીનની નીચે ઉતારવાની કામગીરી ઝડપથી ચાલી રહી છે. આ પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ શહેરમાં વધુ વિશ્વસનીય અને અવિરત વીજ પુરવઠો ઉપલબ્ધ બનશે.

શહેરમાં કુલ 1700 સર્કિટ કિલોમીટરના ભારે વીજ દબાણ એચટી નેટવર્કમાંથી 1391 સર્કિટ કિલોમીટર નેટવર્ક અંડરગ્રાઉન્ડ કરવામાં આવ્યું છે. બાકી રહેલા 309 સર્કિટ કિલોમીટરનું કામ ડિસેમ્બર 2026 સુધી પૂર્ણ કરવાનું આયોજન છે. તે જ રીતે 3114 સર્કિટ કિલોમીટરના હળવા વીજ દબાણ એલટી નેટવર્કમાંથી અત્યાર સુધી 618 સર્કિટ કિલોમીટરનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. બાકી રહેલા 2496 સર્કિટ કિલોમીટર નેટવર્કને આગામી બે વર્ષમાં તબક્કાવાર અંડરગ્રાઉન્ડ કરવામાં આવશે. પ્રોજેક્ટના પ્રથમ તબક્કામાં વાસણા, ભાયલી, સમા, અટલાદરા અને અકોટા વિસ્તારોને આવરી લેવામાં આવશે. અંદાજે 2,060 કરોડના ખર્ચે અમલમાં મુકાનાર આ પ્રોજેક્ટથી વીજ વિક્ષેપમાં નોંધપાત્ર ઘટાડો થશે, જાહેર સલામતીમાં વધારો થશે અને વીજ પુરવઠો વધુ સ્થિર બનશે. સૌથી મોટો ફાયદો એ થશે કે શહેરના રસ્તાઓ પરથી વીજ વાયરોના ગૂંચળા દૂર થતાં શહેરના સૌંદર્યમાં પણ વધારો થશે. વડોદરાને આધુનિક અને સુવિધાસભર શહેર તરીકે વિકસાવવાના પ્રયાસોમાં વાયર-ફ્રી સિટી પ્રોજેક્ટ મહત્વપૂર્ણ સાબિત થવાનો છે. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ નાગરિકોને વધુ સુરક્ષિત અને ગુણવત્તાયુક્ત વીજ સેવા મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.



#### વરસાદ-વાવાઝોડામાં પણ સ્થિર રહેશે વીજ પુરવઠો

અંડરગ્રાઉન્ડ વીજ નેટવર્કના કારણે વરસાદ, વાવાઝોડા કે અન્ય કુદરતી પરિસ્થિતિઓ દરમિયાન વીજ પુરવઠામાં થતા વિક્ષેપો પણ ઘટશે. ખુલ્લા વીજ તારોથી થતી અકસ્માતોની શક્યતા ઓછી થતાં નાગરિકોની સુરક્ષા વધુ મજબૂત બનશે. સાથે જ વીજ જાળવણીનો ખર્ચ અને સમય બંનેમાં ઘટાડો થવાથી સમગ્ર વીજ વ્યવસ્થા વધુ કાર્યક્ષમ અને આધુનિક બનશે.

### હોટલ મેનેજમેન્ટ, HR, ફેશન ડિઝાઇનિંગ, યોગા સહિતના કોર્સ

# MSUના લાઈફલોંગ લર્નિંગ સેન્ટરમાં ૨૦૨૬-૨૭ માટે ૧૩ લોંગ ટર્મ કોર્સમાં પ્રવેશ શરૂ

**કોર્સનો** સમયગાળો 6 માસથી વર્ષનો છે અને ફી 10,000 થી શરૂ થાય છે

(પ્રતિનિધિ) વડોદરા,તા.18

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી (MSU)ના સેન્ટર ફોર લાઈફલોંગ લર્નિંગ એન્ડ એક્સ્ટેન્શન દ્વારા શૈક્ષણિક વર્ષ 2026-27 માટે 13 વિવિધ લોંગ ટર્મ કોર્સમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. નોકરીયાત વર્ગ, ગૃહિણીઓ, વિદ્યાર્થીઓ તેમજ નવી કુશળતા પ્રાપ્ત કરવા ઈચ્છુક લોકો માટે આ કોર્સ ઉપયોગી બનશે. કોર્સનો સમયગાળો 6 મહિનાથી 1 વર્ષનો છે અને ફી રૂ.10 હજારથી શરૂ થાય છે.

હોટલ એન્ડ કુકરી વિભાગ હેઠળ એક વર્ષનો હોટલ મેનેજમેન્ટ એન્ડ કેટરિંગ સર્વિસીસ કોર્સ શરૂ કરાયો છે. હ્યુમન એન્ડ સોશિયલ ડેવલપમેન્ટ વિભાગમાં અર્લી ચાઈલ્ડહૂડ કેર એન્ડ એજ્યુકેશન કોર્સ ઉપલબ્ધ છે. મેનેજમેન્ટ અને બિઝનેસ સ્કિલ્સ ડેવલપમેન્ટ અંતર્ગત બેંકિંગ, ઈન્ડસ્ટ્રિયલ પરચેઝિંગ એન્ડ મટિરિયલ મેનેજમેન્ટ, એક્સપોર્ટ-ઈમ્પોર્ટ મેનેજમેન્ટ, હ્યુમન રિસોર્સ મેનેજમેન્ટ અને પ્રોજેક્ટ મેનેજમેન્ટ જેવા કોર્સનો સમાવેશ થાય છે.

મેડિકલ, હેલ્થ અને અલ્ટરનેટ મેડિસિન વિભાગમાં હેલ્થ એન્ડ ફિટનેસ મેનેજમેન્ટ, યોગા ટીચર સર્ટિફિકેટ, હોસ્પિટલ એડમિનિસ્ટ્રેશન એન્ડ મેનેજમેન્ટ અને ઈન્ડસ્ટ્રિયલ હેલ્થ કોર્સ ઉપલબ્ધ છે. ઉપરાંત વોકેશનલ સ્કિલ્સ ડેવલપમેન્ટ હેઠળ ફેશન ડિઝાઈનિંગ અને ઈન્ટિરિયર ડિઝાઈન**ના એક વર્ષના કોર્સ પણ શરૂ કરાયા છે.

વિવિધ કોર્સ માટે SSC, HSC, ગ્રેજ્યુએશન, ડિપ્લોમા અથવા વિશિષ્ટ લાયકાત નક્કી કરવામાં આવી છે.

#### MSUમાં 30 શોર્ટ ટર્મ કોર્સમાં પ્રવેશ શરૂ

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના સેન્ટર ફોર લાઈફલોંગ લર્નિંગ દ્વારા વર્ષ 2026-27 માટે 30 શોર્ટ ટર્મ કોર્સની જાહેરાત કરવામાં આવી છે. 15થી 90 દિવસના આ કોર્સમાં Generative AI, AutoCAD, ગ્રાફિક ડિઝાઇનિંગ, Tally, GST, 2D-3D એનિમેશન, બ્યુટિશિયન, ફેશન સ્કેચિંગ, પર્સનાલિટી ડેવલપમેન્ટ, ઇંગ્લિશ, ફ્રેન્ચ, જર્મન, મેડિટેશન, યોગા તેમજ એસ્ટ્રોલોજી-વાસ્તુ જેવા વિષયોનો સમાવેશ થાય છે. મોટાભાગના કોર્સ માટે કોઈ વિશેષ લાયકાત જરૂરી નથી અને ફી રૂ.3 હજારથી રૂ.9 હજાર સુધી રાખવામાં આવી છે.